| | |
|---|---|
| દાખલ તારીખઃ– | ૦૪/૧૦/૨૦૨૪ |
| રજીસ્ટર તારીખઃ– | ૦૪/૧૦/૨૦૨૪ |
| ફેસલ તારીખઃ– | ૦૬/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | **વર્ષ–માસ–દીવસ** |
| | **૦૧ ૦૫ ૦૨** |

| |
|---|
| **વસોના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટં કલાસ કોર્ટ સમક્ષ. મુ.વસો, જી.ખેડા** |
| **તારીખઃ ૦૬/૦૩/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. 295-2024**<br>**આંક–**<br>**ગુનોઃ– આઇ.પી.સી.ની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ**<br>**એફ.આઇ.આર. નં. ૧૧૨૦૪૦૬૫૨૩૦૧૮૭/૨૦૨૩**<br>**વસો પોલીસ સ્ટેશન** |

| | |
|---|---|
| **ફરીયાદી.** | **શ્રી સરકાર.** |
| **ફરીયાદી તરફે** | **વિ.એ.પી.પી.શ્રી જે.એન.વાળંદ** |
| **વિરુધ્ધ** | |
| **આરોપી** | **(૧) રમેશભાઇ ઉર્ફે અશોકભાઇ સ/ઓ રઇજીભાઇ આદિતભાઇ સોલંકી, ઉ.વ.૩૬,**<br>**(૨)રઇજીભાઇ સ/ઓ આદીતભાઇ અભાભાઇ સોલંકી, ઉવ.૩૬,**<br>**(૩) ફતાભાઇ સ/ઓ આદીતભાઇ અભાભાઇ સોલંકી,ઉવ.૫૫,**<br>**ત્રણેય રહે. બામરોલી, ખોડીયારપુરા, તા.વસો, જી.ખેડા** |
| **આરોપી તરફે** | **વિ.વ.શ્રી. સી.કે.ભોઇ** |

| | |
|---|---|
| ગુનો બન્યા તા. | ૦૧–૦૮–૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૧–૦૮–૨૦૨૩ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૦૪–૧૦–૨૦૨૪ |
| તહોમતનામુ/પ્લી ફરમાવ્યા તારીખ | ૨૧–૧૧–૨૦૨૪ |
| પુરાવો શરૂ કરવામાં આવ્યા તારીખ | ૨૦–૦૨–૨૦૨૫ |
| જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ | ૦૬–૦૩–૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમ ની તારીખ :– | ૦૬–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

આરોપીઓની વિગત

| આરોપીનુ અનુ. નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલી સજા | સુનવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રમેશભાઇ ઉર્ફે અશોકભાઇ સ/ઓ રઇજીભાઇ આદિતભાઇ સોલંકી | – | – | આઇ.પી.સી. ની કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ | – | – |
| (૨) | રઇજીભાઇ સ/ઓ આદીતભાઇ અભાભાઇ સોલંકી | – | – | –’’– | નિર્દોષ | – | – |
| (૩) | ફતાભાઇ સ/ઓ આદીતભાઇ અભાભાઇ સોલંકી | – | – | –’’– | નિર્દોષ | – | – |

**–: ફરીયાદપક્ષ તરફે મૌખીક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૨ | ભરતભાઇ રામાભાઇ સોલંકી | પંચ સાહેદ |
| ૨ | ૧૪ | ઇશ્વરભાઇ ચંદુભાઇ સોલંકી | પંચ સાહેદ |
| ૩ | ૧૫ | રાજેશભાઇ રામાભાઇ સોલંકી | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧૮ | પંકજભાઇ મનુભાઇ સોલંકી | સાહેદ |
| ૫ | ૧૯ | રમેશભાઇ જાલમભાઇ સોલંકી | સાહેદ |
| ૬ | ૨૨ | રાકેશભાઇ ધીરુભાઇ વાઘેલા | પંચ સાહેદ |
| ૭ | ૨૩ | નગીનભાઇ જેસંગભાઇ સોલંકી | સાહેદ |
| ૮ | ૨૪ | ડો.પિયુષકુમાર ભલાભાઇ સાલવી | ડોકટર |
| ૯ | ૨૯ | છગનભાઇ ઉદાભાઇ સોલંકી | ફરીયાદી |
| ૧૦ | ૩૩ | ડો.કુશલ વિનયકુમાર શાહ | ડોકટર |
| ૧૧ | ૩૮ | કનુભાઇ નટુભાઇ સોલંકીફ | ત.ક.અ. |

-

**–: ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૧૬ | આરોપીની શરીરસ્થિતીનુ તથા હથીયાર કબજે કર્યાનુ પંચનામું |
| ૩ | ૨૫ | ઓથોરીટી લેટર |
| ૪ | ૨૬ | ઓ.પી.ડી.કેસ પેપર્સ |
| ૫ | ૨૭ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૬ | ૩૦ | ફરીયાદ |
| ૭ | ૩૪ | પ્રથમ હોસ્પીટલના મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૩૫ | સીટી સ્કેન રીપોર્ટ |
| ૯ | ૩૬ | પ્રથમ હોસ્પીટલના કેસ પેપર્સ |
| ૧૦ | ૩૯, ૪૦ | ટેલીફોન વર્ધી |
| ૧૧ | ૪૧ | સુચીપત્ર |

**જ જ મે ન્ટ**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ ગઇ તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ કલાક ૧૯.૦૦ વાગ્યે મોજે બામરોલી ખોડીયારમાતાના મંદીર પાસે તા.વસો, જી.ખેડા મુકામે ફરીયાદીને આરોપી નં. ૧ નાએ

જણાવેલ કે તમે બાપ દીકરો ઝઘડો છો તેમા મારા કાકાનુ નામ કેમ છો તો તેમ કહી ગમે તેમ ગાળો બોલી પોતાના હાથમાંનો લાકડાનો ડંડો ફરીયાદીને માથામાં મારી ઈજા કરી માથામાં ફ્રેકચર કરી આરોપી નં. ૨,૩ નાઓએ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ કરેલ હોય, સદર ગુનો રજીસ્ટરે લીધેલ. તેમજ સદરહું ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સ ઈશ્યુ કરતાં, તે સમન્સ આરોપીઓને બજી જતાં, તે આરોપીઓ તેઓના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને આરોપીઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરુદ્ધ આંક-૦૫ થી તહોમત ફરમાવી, આંક-૦૬ થી આંક-૦૮ સુધી નિવેદન નોંધતા, આરોપીઓ પોતે ગુનો કબુલ ન હોવાનું જણાવતા હોય, આરોપી વિરુદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનુ મૌખિક જાહેર કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીઓને તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનુ, ખોટો પુરાવો હોવાનુ અને પોલીસે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્ઝશીટ કેરલ હોવાનુ જણાવેલ છે. તેમજ આરોપીઓએ બચાવના સાહેદો તપાસવા છે કે કેમ? અને સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ? તે બાબતે પુછતા આરોપીઓએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે.

(૪) આ કામે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે

ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ મુજબની દલીલ કરેલ છે અને આ કામે ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ છે. તેથી આ કામના આરોપીને કાયદા મુજબની સજા કરવા રજૂઆત કરેલ છે.

**(૪.૧)** આ કામે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ પોતાની મૌખિક રજુઆતમાં મુખ્યત્વે ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકીકતો તરફ ધ્યાને દોરેલ છે અને ફરીયાદ પક્ષે રજુ ફરીયાદીનો પુરાવો ખુદ ફરીયાદ હકીકતથી વિપરીત હોવાથી આ આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૫)** આ કામે ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– <u>મુ દ્દા ઓ</u> –**

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ કલાક ૧૯.૦૦ વાગ્યે મોજે બામરોલી ખોડીયારમાતાના મંદીર પાસે તા.વસો, જી.ખેડા મુકામે ફરીયાદીને આરોપી નં. ૧ નાએ જણાવેલ કે તમે બાપ દીકરો ઝઘડો છો તેમા મારા કાકાનુ નામ કેમ છો તો તેમ કહી ગમે તેમ ગાળો બોલી પોતાના હાથમાંનો લાકડાનો ડંડો ફરીયાદીને માથામાં મારી ઈજા કરી માથામાં ફ્રેકચર કરી આરોપી નં. ૨,૩ નાઓએ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું આખરી હુકમ ?

**(૫.૧)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "નકારમાં"

(૨) "આખરી હુકમ મુજબ"

– **કા ર ણો** –

**મુદ્દા નં. ૧** –

**(૬)** આ કામે મુદ્દા નં. ૧ પરત્વે વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા આંક–૨૪ થી ફરિયાદી છગનભાઇ ઉદાભાઇ સોલંકીને તપાસેલા છે. આ સાહેદ મહત્વના સાહેદ છે અને બનાવ અંગે મુખ્યત્વે જણાવે છે કે, ગઈ તા. ૦૧/૦૮/૨૦૨૩ ના રોજ તેઓ પલાણા ગામે સાંજના ચારેક વાગે ગયેલો અને ત્યાથી છ વાગે પરત નીકળી તેમના ગામના ખોડીયાર માતાના મંદીરે આવેલ બાકળા ઉપર બેઠા હતા. ત્યારે તેમના દીકરા સાથે અગાઉ બોલા ચાલી થયેલી તે અંગેની વાતચીત તેઓ તેમના પાડોશી રમેશભાઈ સાથે કરતા હતા. આ દરમ્યાન સાતેક વાગે તેમના ફળીયામાં રહેતા, અશોકભાઈ રઈજીભાઈ તેમનુ બાઈક લઈને આવેલા અને તેમને જોઈ બાઈક ઉભુ રાખી કહેવા લાગેલ કે, તમો બન્ને બાપ–દીકરો ઝગડો કરો છો, તેમાં મારા કાકા ભરતભાઈનું નામ શું કામ લો છો તેમ કહી તેમની સાથે બોલાચાલી કરવા લાગેલ અને તેઓએ આ અશોકને જણાવેલ કે મારે તારી સાથે કોઈ માથાકુટ કરવી નથી તુ અહીથી જતો રહે. ત્યાર બાદ આ અશોક તેના ઘરે જઈ લાકડાનો ડંડો લઈ આવી તેઓની સાથે બોલા ચાલી કરી આ લાકડાનો ડંડો તેમને માથાના ભાગે મારી દીધેલ.અને તેનુ ઉપરાણું લઈ તેના કુંટુંબના ફતેસીંગભાઈ તથા રઈજીભાઈ આવેલા અને તેમને ગળદાપાટુનો માર મારવા લાગેલા જેથી તેઓએ બુમાબુમ કરતાં નજીકમાંથી તેમનો ભત્રીજો પંકજ તથા તેમની સાથે બેસેલ રમેશભાઈ તેમને વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવેલ અને તેમને માથામાંથી લોહી નીકળતુ હોય તેથી રમેશભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને નડીઆદ સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા.અને ત્યાથી વધુ સારવાર માટે પ્રથમ હોસ્પીટલમાં લઈ ગયેલા, જયાં ફરજ પરના ડૉ.સાહેબે તેમને માથાના ભાગે ફ્રેકચર થયેલાનું જણાવેલું અને આ બનાવમાં તેમને શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલી જેથી આ બનાવની તેઓએ ફરીયાદ આપેલી તેમને અસલ ફરીયાદ બતાવતા આંક–૩૦ વાળી ફરીયાદમાં સહી ઓળખી બતાવે છે. આરોપીઓને ઓળખે છે. તેમને મુદામાલ આર્ટીકલ લાકડાનો ડંડો બતાવવામાં આવે તો તેઓ ઓળખી

બતાવે. આ તબકકે બચાવ પક્ષે મુદામાલ અંગે કોઈ તકરાર નથી. વધુમાં સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન ન કરતા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ છે કે આરોપીઓ જતા–જતા કહેતા ગયેલા કે ફરીથી કોઇ વખત મારા કુટુંબના કોઇ પણ માણસનુ ફરીયાદમાં નામ લખાવીશ તો આજે તો તને જીવતો જવા દીધો છે, પણ ફરીથી નામ દઇશ તો જાનથી મારી નાખીશુ.

(૬.૧) ત્યારબાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલના આરોપીઓ તેમના ગામના તથા સમાજના થતાં હોય તેઓ તેઓને બનાવ પહેલાથી સારી રીતે ઓળખે છે, સાંજના સમયે આરતીનો સમય હોય જેથી ખોડીયાર માતાના મંદીરે ગામના ઘણા બધા માણસો હાજર હોય છે, તેમના ઝઘડાળુ સ્વભાવ તથા દારૂ પીવાની ટેવને કારણે તેમની પત્ની તથા બાળકો તેમની સાથે રહેતા નથી, તમેની પત્નીએ તેમની ઉપર મારઝુડનો કેસ કરેલો, બનાવ સમયે માણસોનુ ટોળુ ભેગુ થવાને કારણે કોણ શુ બોલેલુ તે શોર બકોરના કારણે ચોકકસ કહી શકાય નહી. આમ તેઓની ફરીયાદ તથા ઉલટ તપાસની હકીકતો ધ્યાને લેતા તેઓ ફરીયાદમા આરોપીઓએ લાકડાના ડંડાથી માર માર્યા અંગેનુ તથા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાનુ જણાવે છે. જયારે ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે બનાવ સમયે માણસોનુ ટોળુ ભેગુ થવાને કારણે કોણ શુ બોલેલુ તે શોર બકોરના કારણે ચોકકસ કહી શકે નહી. તેમજ તેઓએ સ્વીકારેલ છે કે તેઓનો ઝઘડાળુ સ્વભાવ છે અને દારૂ પીવાની ટેવને કારણે તેમની પત્ની તથા બાળકો તેમની સાથે રહેતા નથી. આમ ફરીયાદીનો ઝઘડાળુ સ્વભાવ હોય અને દારૂ પીવાની ટેવવાળા હોય. તેમજ ફરીયાદી તેઓની સરતપાસમાં જણાવે છે તે મુજબ તેઓને વધુ મારમાંથી પંકજ તથા રમેશભાઇનાઓએ છોડાવેલ પરંતુ આ કામનો પુરાવો જોતા આ પંકજ તથા રમેશભાઇનાઓ ફરી ગયેલા સાહેદ છે અને તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી. જેથી તેઓએ ફરીયાદમાં જણાવેલ બાબતો અંગે શંકા ઉત્પન્ન થાય છે. જે બાબતે ફરીયાદ હકીકત સાથે સરખાવતા વિસંગતતા જોવા મળે છે.

(૭) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના

પંચ સાહેદ ભરતભાઇ રામાભાઇ સોલંકીને આંક–૧૨ થી તથા સદર પંચનામાના અન્ય પંચ સાહેદ ઈશ્વરભાઇ ચંદુભાઈ સોલંકીને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદોએ સંબંધીત પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તે સિવાયની અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે અને તેમની હાજરીમાં પોલીસે કોઇ કાર્યવાહી કરેલ હોવાનુ પણ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે, આ પંચ સાહેદના પુરાવાથી ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થન મળતુ ન હોય, સદર પંચનામુ ફરીયાદપક્ષને ઉપયોગી સાબીત થતું નથી.

(૮) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા આંક–૧૬ વાળા આરોપીનુ શરીર સ્થિતીનુ તથા હથીયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ રાજેશભાઇ રામાભાઇ સોલંકીને આંક–૧૫ થી તથા પંચ સાહેદ રાકેશભાઇ ધીરુભાઇ વાઘેલાને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદોએ સંબંધીત પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તે સિવાયની અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે અને તેમની હાજરીમાં પોલીસે કોઇ કાર્યવાહી કરેલ હોવાનુ પણ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આ પંચ સાહેદોના પુરાવાથી ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થન મળતુ ન હોય, સદર પંચનામુ ફરીયાદ પક્ષને ઉપયોગી સાબીત થતું નથી.

(૯) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ પંકજભાઇ મનુભાઇ સોલંકીને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેમના બાપુજી થાય છે. બનાવ આશરે બેએક વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે સાંજે માતાજીના મંદિરમા આરતીનો સમય હોઈ તેઓ પ્રસાદ ધરાવવા મંદીરે ગયા હતા અને બહાર બુમાબુમ થતા બહાર આવેલ અને ત્યાં હાજર રમેશભાઈએ ૧૦૮ બોલાવી આ છગનભાઈને તેમાં બેસાડેલ તે સીવાય બીજુ કશુ તેઓ જાણતા નથી કે તેમને ખબર નથી. આરોપીઓ તેમના ગામના થતા હોઈ તેઓને બનાવ પહેલાથી ઓળખે છે. તેમને મુદ્દામાલ લાકડાનો દંડો બતાવવામાં આવે તો તેઓ આળખી શકે નહી. આ કામના ફરીયાદી છગનભાઈ છેલ્લા છ મહીના કરતા વધુ સમયથી ઘરે આવતા નથી તેઓ અન્ય ફોજદારી કેસમા સંકળાયેલ હોઈ તેઓ લાંબા સમયથી નાસતા ફરે છે નજીકના ભવિષ્યમાં તેઓને હાજર રાખી શકાય તેમ નથી. તેઓ હાલ કયા અને કેવી રીતે રહે છે તેની તેમને તથા તેમના કોઈપણ કુંટુંબીજનો કે સગા સંબંધી કે લાગતા–વળગતાને

જાણકારી નથી. વધુમાં સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન ન કરતા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આમ આ કામે સદર સાહેદ તેમના નિવેદન મુજબની હકીકતથી વિપરીત હકીકત જણાવતા હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી થતો નથી.

(૯.૧) ત્યાર બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતની સ્વીકાર કરેલ છે કે, હાલનો ફરીયાદ વાળો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ સદર સાહેદે બનાવ નજરે જોયેલ ન હોય તેનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી સાબિત થતો નથી.

(૧૦) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ રમેશભાઇ જાલમભાઇ સોલંકીને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયદી તેમના ફળીયાના થાય છે. બનાવ આશરે બેએક વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે સાંજે માતાજીના મંદીરમાં આરતીનો સમય હોઇ તેઓ મંદીરની અંદર હતા ને બહાર બુમાબુમ થતા બહાર આવેલ અને તેઓએ ૧૦૮ બોલાવી આ છગનભાઇને તેમાં બેસાડેલ તે સીવાય બીજુ કશુ તેઓ જાણતા નથી કે તેમને ખબર નથી. આરોપીઓ તેમના ગામના થતા હોઇ તેઓને બનાવ પહેલાથી ઓળખે છે. તેમને મુદ્દામાલ લાકડાનો ડંડો બતાવવામાં આવે તે તેઓ ઓળખી શકે નહી. વધુમાં સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન ન કરતા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આમ આ કામે સદર સાહેદ તેમના નિવેદન મુજબની હકીકતથી વિપરીત હકીકત જણાવતા હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી થતો નથી.

(૧૦.૧) ત્યાર બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતની સ્વીકાર કરેલ છે કે, હાલનો ફરીયાદ વાળો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ સદર સાહેદે બનાવ નજરે જોયેલ ન હોય તેનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી સાબિત થતો નથી.

(૧૧) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ નગીનભાઇ જેસંગભાઇ સોલંકીને

આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બેએક વર્ષ પહેલા બનેલો, આ બનાવની જાણ તેઓને વાતો વાતોથી થયેલી. આ બનાવમાં કોણે કોને ઈજા પહોચાડેલી તેને તેઓને ખબર નથી. આરોપી તેમના ગામના થતા હોઈ તેઓને ઓળખે છે. આ કામના ફરીયાદી છગનભાઈ ઉદાભાઈ સોલંકી તેમના કૌટુંબીક ભાઈ થાય છે અને ઉદાભાઈ શનાભાઈ સોલંકી તેમના કૌટુબીક કાકા થાય છે અને તેઓ છેલ્લા છ બાર મહીનાથી બામરોલી ગામ છોડી કયાંક ચાલ્યા ગયેલ છે અને તેઓનો કોઈ હજુ સુધી અત્તો પત્તો મળી આવેલ નથી. વધુમાં સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન ન કરતા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આમ આ કામે સદર સાહેદ તેમના નિવેદન મુજબની હકીકતથી વિપરીત હકીકત જણાવતા હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી થતો નથી.

**(૧૧.૧)** ત્યાર બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતની સ્વીકાર કરેલ છે કે, હાલનો ફરીયાદ વાળો બનાવ તેઓએ નજરે જોયેલ નથી, ફરીયાદી દારૂ પીવાની ટેવ વાળા હોઈ અને બોલવામાં ભાન રાખતો ન હોય અનેબ ધા સાથે ઝઘડા કરતા હતા, દારૂ પીધેલો માણસ પડી જાય તો તેને ઈજા થઈ શકે. આમ સદર સાહેદે બનાવ નજરે જોયેલ ન હોય તેનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી સાબિત થતો નથી.

**(૧૨)** વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ ડો.પિયુષકુમાર ભલાભાઈ સાલવીને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ ઈજા પામનાર સાહેદને ડો.ધ્રુવેન પટેલે સારવાર આપેલી હોય તેઓ કેનેડા હોય આવી શકે તેમ ન હોય જેથી ઓથોરીટી લેટર સાથે લઈ આવી આંક–૨૬ તથા આંક–૨૭ ના દસ્તાવેજો રજુ રાખેલ છે.

**(૧૨.૧)** ત્યાર બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતની સ્વીકાર કરેલ છે કે, હાલના ઈજા પામનારે તેઓએ કોઈ સારવાર રાઅપેલી નથી, તેઓ તેમની સરતપાસમાં લખાવેલી વિગત રેકર્ડ આધારે જણાવેલ છે, તેઓ નડીયાદ સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે, જેથી ઈઓઅ અંગે અને તેની સારવાર અંગનુ તેઓને જ્ઞાન છે, દર્દીને થયેલ ઈજા જેવી ઈજા કોઈ

વ્યકિત ડામર રસ્તા ઉપર વાહનમાંથી પડી જાય તો થઇ શકે તેવી હતી. આમ સદર સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે દર્દીને થયેલ ઇજા જેવી ઇજા કોઇ વ્યકિત ડામર રસ્તા ઉપર વાહનમાંથી પડી જાય તો થઇ શકે તેવી હતી. આમ સદર ઇજાઓ આરોપીઓએ જ પહોચાડેલ હોય તે અંગે શકા પ્રેરે છે.

**(૧૩)** વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ ડો.કુશલ વિનયકુમાર શાહને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ ઇજા પામનાર સાહેદ છગનભાઇની સારવાર કરેલ છે અને જે અંગે આંક– ૩૪ થી આંક–૩૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**(૧૩.૧)** ત્યાર બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતની સ્વીકાર કરેલ છે કે, હાલના ઇજા પામનારે સીવીલ હોસ્પીટલ નડીયાદ ખાતેથી પ્રાથમીક સારવાર કરાવી વધુ સારવાર માટે તેમની પાસે લાવેલ હતા, તેઓ તેમની સરતપાસમાં લખાવેલી વિગત રેકર્ડ આધારે જણાવેલ છે, તેઓ નડીયાદ પ્રથમ હોસ્પીટલમાં ઓર્થો. સર્ઝન તરીકે ફરજ બજાવે છે જેથી ઇજાઓ અંગે અને તેની સારવાર અંગેનુ તેમને જ્ઞા છે. દર્દીને થયેલ ઇજા જેવી ઇજા કોઇ વ્યકિત ડામર રસ્તા ઉપર વાહનમાંથી પડી જાય તો થઇ શકે તેવી હતી. આમ સદર સાહેદ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે દર્દીને થયેલ ઇજા જેવી ઇજા કોઇ વ્યકિત ડામર રસ્તા ઉપર વાહનમાંથી પડી જાય તો થઇ શકે તેવી હતી. આમ સદર ઇજાઓ આરોપીઓએ જ પહોચાડેલ હોય તે અંગે શકા પ્રેરે છે.

**(૧૪)** વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ ત.ક.અ.કનુભાઇ નટુભાઇ સોલંકીને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓને નડીયાદ સીવીલ હ?સ્પીટલ તથા નડીયાદ પ્રથમ હોસ્પીમાંથી ટેલીફોન વર્ધી આવેલ જે વર્ધી પી.એસ.ઓ. નોંધી લઇ આગળની વધુ કાર્યવાહી માટે તેમની તરફ મોકલી આપેલ. જેને આરોપે ફરીયાદીની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબની લખી લઇ આગળની વધુ તપાસ માટે તેઓને લેખિત ડે.હુકમ સાથે સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને તેઓએ ગુનાની તપાસ કરેલાનુ જણાવેલ છે. તેમજ આંક–૩૯, ૪૦ થી ટેલીફોન વર્ધી તથા આંક–૪૧ થી સુચીપત્ર રજુ રાખેલ છે. તમેજ તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામ, હથીયાર રીકવરી પંચનામુ, તથા મેડીકલ

સર્ટીફીકેટ સાહેદોના નિવેદન લીધેલા, અને તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ ચાર્ઝશીટ કરેલ છે. જયારે ઉલટ તપાસમાં એ હકીકતોન સ્વીકાર કરેલ છે કે, તમેની તપાસમાં તેવુ ખુલેલુ કે, ફરીયાદી વિરુધ્ધ ઘણા કેસો થયેલા છે, આ કામે તેઓએ આજુ બાજુ વાળા પાડોશીના કે ફળીયાના માણસોના નિવેદન લીધેલ નથી.

**(૧૪.૧)** આમ, હાલના ત.ક.અ.ના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદની વિગતને સમર્થન મળતુ નથી, કારણ કે હાલના કામે ગુનાના કામે કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચોએ પંચનામાની હકકીત જણાવેલ નથી કે પંચનામુ તેઓ રૂબરૂ થયેલાનુ જણાવેલ નથી. તેમજ હાલના કામે આરોપીની શરીર સ્થિતી અને હથીયાર કબજે કર્યાના પંચનામાના પંચોએ પંચનામાની કોઇ હકીકત જણાવેલ નથી કે પંચનામુ તેઓ રૂબરૂ થયેલાનુ જણાવેલ નથી. તેમજ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આ હાલના કેસમાં રજુ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા, હાલનો બનાવ પણ શંકાસ્પદ જણાય અવો છે. વધુમાં હાલના કામે કોઇ નજરે જોનાર સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ ન હોવાનુ જણાય આવે છે. અને જે હકીકત તપાસ કરનાર અમલદાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે શંકા પ્રેરે છે. આ સિવાય તપાસ કરનાર અમલદારે જે સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી ચાર્ઝશીટ કરેલ છે તે સાહેદના પુરાવથી ફરીયાદ પક્ષના કેસની હકીકતો નિશંકપણે પુરવાર થયેલ ન હોય ત્યારે આરોપી વિરુધ્ધ માત્ર ચાર્ઝશીટ કરવાથી તેમની સામેનો ગુનો સાબિત થતો નથી પરંતુ તેને સાહેદોના પુરાવાથી સમર્થન મળવુ પણ અનીવાર્ય છે જે સમર્થન મળતુ ન હોય ત્યારે હાલના તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ આરોપીને ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૫ )** આમ, આ કામે ફરીયાદ પક્ષના ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન કરતાં, આરોપીઓએ મોજે બામરોલી ખોડીયારમાતાના મંદીર પાસે તા.વસો, જી.ખેડા મુકામે ફરીયાદીને આરોપી નં. ૧ નાએ જણાવેલ કે તમે બાપ દીકરો ઝઘડો છો તેમા મારા કાકાનુ નામ કેમ છો તો તેમ કહી ગમે તેમ ગાળો બોલી પોતાના હાથમાંનો લાકડાનો ડંડો ફરીયાદીને માથામાં મારી ઈજા કરી માથામાં ફ્રેકચર કરી આરોપી નં. ૨,૩ નાઓએ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી ગળદાપાટુનો માર મારી

જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કર્યાના આવશ્યક તત્વો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧** નો નિર્ણય "નકારમાં" ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – આખરી હુકમ –

**(૧)** આ કામના આરોપી નં.(૧) રમેશભાઇ ઉર્ફે અશોકભાઇ સ/ઓ રઇજીભાઇ આદિતભાઇ સોલંકી, (૨)રઇજીભાઇ સ/ઓ આદીતભાઇ અભાભાઇ સોલંકી, (૩) ફતાભાઇ સ/ઓ આદીતભાઇ અભાભાઇ સોલંકી, ત્રણેય રહે. બામરોલી, ખોડીયારપુરા, તા.વસો, જી.ખેડાનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હાલના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ ધોરણસર નાશ કરવો.

**(૩)** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૪૩૭ – એ અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીઓએ અપીલના સમય માટે રૂ.૫૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૬ ઠ્ઠી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૦૬/૦૩/૨૦૨૬

( સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વસો.જીજે૦૧૪૨૫